©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] TUESDAY, 06th JANUARY, 2026/PAUSHA 16, 1947 [No. 153

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ અને

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

નિયમ ૨૬ (૯)

નગર રચના યોજના નં. ૨બી૧ (ધોલેરા, કાદીપુર, ભડીયાદ, ભીમતળાવ)

પ્રારંભિક યોજના

નં. ન.ર.યો./નં.૨બી૧/પ્રા.યો.એવોર્ડઅધિસુચના/પ્રસિદ્ધી/૧૧૮.-ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ મુજબ, મેં આજરોજ તા.૧૨-૧૨-૨૦૨૫ ને શુક્રવારના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના એપેક્ષ ઓથોરીટી, જી.આઈ.ડી.બી માં મંજુરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ(૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-“૪” ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૧૨-૧૨-૨૦૨૫

સ્થળ : ધોલેરા

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી,
સીનીયર ટાઉન પ્લાનર, વર્ગ-૧
નગર રચના યોજના નંબર-૨
ધોલેરા એસ.આઈ.આર.

સરનામું :
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
એ.બી.સી.ડી બિલ્ડીંગ, બી-બ્લોક,
પ્રથમ માળ, ધોલેરા-ધંધુકા રોડ,
તા. ધોલેરા, જિ.અમદાવાદ-૩૮૨૪૫૫.

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.01.08 15:42:11 IST